# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત

એ-૩, જિલ્લા સેવાસદન-૨, અઠવાલાઈન્સ, સુરત

Phone No: (0261)2662903, Fax No: 2662902, Email:suratdeo@gmail.com

જા.નં.મા-૧/બાયસેગ/૨૦૨૧/ 5868 તા. 20/૦૪/૨૦૨૧

પ્રતિ,

આચાર્યશ્રી,

સુરત જિલ્લાની તમામ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ,

જિ.-સુરત.

<u>વિષય:-</u> COVID-19 ની સાંપ્રત પરિસ્થિતિમાં પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓનાં શિક્ષકોને માન.રાજ્યપાલશ્રી દ્વારા પ્રેરણા, પ્રોત્સાહન અને પથદર્શન માટે બાયસેગ દ્વારા પ્રસારિત થનાર કાર્યક્રમ નિહાળવા બાબત.

<u>સંદર્ભ:-</u> સચિવશ્રી, ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગરનાં પત્ર ક્રમાંક:મઉમશબ/સંસોધન /૨૦૨૧/૨૯૯૬-૩૦૨૮ અન્વયે. તા.૧૯/૦૪/૨૦૨૧

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, COVID-19 ની મહામારીની પરિસ્થિતિમાં, સમાજને આપણા માનસિક, શારીરિક ટેકાની, હુંફની, માર્ગદર્શનની તથા પ્રેરણાની જરૂર છે. રાજ્યના તમામ લોકો સુધી આ બાબતે યોગ્ય સંદેશો પોહચી શકે તે માટે પ્રેરણા, પ્રોત્સાહન અને પથદર્શન માન.રાજ્યપાલશ્રી, માન. મંત્રીશ્રી, (શિક્ષણ) ની ઉપસ્થિતિમાં બાયાસેગના માધ્યમથી આપનાર છે. ઉક્ત કાર્યક્રમનું જીવંત પ્રસારણ વંદે ગુજરાત ચેનલ-૧ તેમજ GSHSEB GANDHINAGAR ની Youtube ચેનલ મારફતે Live નિહાળવા માટે આપની શાળાઓના ૧૦૦% શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફ COVID-19 ની ગાઈડલાઈન મુજબ શાળામાં બેઠક વ્યવસ્થા ગોઠવીને **<u>તા.૨૪/૦૪/૨૦૨૧ ને શનિવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકથી ૧૧.૩૦ કલાક દરમિયાન</u>** ઉક્ત કાર્યક્રમ નિહાળે તેવી વ્યવસ્થા આપના દ્વારા કરવાની રહેશે. તેમજ દરેક SVS કન્વીનરશ્રીએ પોતાના તાબામાં આવતી શાળાઓનું સંકલન કરી આ સાથે સામેલ પત્રક મુજબની માહિતી અત્રેની કચેરીના મ.શિ.નિ. શ્રીમતી મનીષાબેન પટેલને તા.૨૪/૦૪/૨૦૨૧ ના રોજ ૧૩.૦૦ કલાક સુધીમાં ટેલીફોનીક અથવા સોફ્ટ કોપીમાં મોકલવાની રહેશે.

નોંધ:- શાળાઓ દ્વારા માહિતી સબંધિત SVS કન્વીનરશ્રીને જ આપવાની રહેશે.

~~જિલ્લા શિક્ષણાધિ~~કારી

સુરત, જિ-સુરત

<u>બિડાણ:-</u> પત્રક-અ

<u>નકલ રવાના: જાણ તથા કાર્યવાહી અર્થે..</u>

- શ્રીમતી મનીષાબેન પટેલ, મ.શિ.નિ., સદર કચેરી. મો.નં.૯૬૮૭૩ ૬૬૧૦૦
- SVS કન્વીનરશ્રી તમામ, જિલ્લો-સુરત.

## પત્રક - અ

| જિલ્લો | માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની કુલ સંખ્યા | માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફની સંખ્યા | બાયસેગ પ્રસારણ નિહાળનાર માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફની સંખ્યા |
|---|---|---|---|
| | | | |